અમદાવાદ (ગ્રામ્ય) ની ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, રૂમ નં. 513, પાંચમો માળ, મીરઝાપુર, અમદાવાદ.

**ફોજદારી કેસ નં.10902/2023**

આંક........

**ફરીયાદીઃ–** શ્રી સરકાર

વિરૂઘ્ધ

**આરોપીઃ–** રમેશભાઈ ગગજીભાઈ પંચાલ

ફરીયાદી તર્ફે એ. પી. પી. શ્રી અને આરોપી તર્ફે વિ. વ. શ્રી

ગુનોઃ– ઈ. પી. કો. કલમ – 188

**–: ચુકાદો :–**

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાનું વાહન જાહેર રોડ ઉપર આવતા જતા વાહનો અડચણરૂપ રીતે ભયજનક રીતે નો–પાર્કીંગ ઝોનમાં ઉભી રાખી/પાર્ક કરી ઈ. પી. કો. કલમ – 188 મુજબનો ગુનો કરેલાનો આક્ષેપ છે અને તે મુજબ આરોપી વિરૂઘ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.
2. આરોપીને પ્રોસેસ કરતા હાજર થઈ પોતે ગુનો કબુલવા માંગે છે તેવી સ્વેચ્છાએ જાહેરાત કરતા આરોપીની ગુના કબુલાત પ્લી લીધેલ છે, જેમાં આરોપીએ તેમની વિરૂઘ્ધનો ગુનો કબુલ કરેલ છે.
3. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરસીસ, આરોપીની આર્થીક તેમજ સામાજિક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ઘ્યાને લેતાં સદરહુ આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ – 252 અન્વયે ઈ. પી. કો. કલમ – 188 મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ.100/– અંકે રૂપિયા એક સો પુરાનો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન – 2 ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા. 09/09/2023
અમદાવાદ

**(ડો. પરેશ અંબાલાલ પરમાર)**
UIC CODE NO. GJ00752
ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.